# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૫ અંક ૧ જાન્યુઆરી ૨૦૧૩

રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત.

**આ અંક અંતર્ગત :**

| | |
|---|---|
| ત્રાહિમામ્ (ભગવાન અમને બચાવો) ૨૦૧૩ માં | ૧ |
| નવા વર્ષનો આવકાર | ૨ |
| તમારા અસ્તિત્વનું શુદ્ધિકરણ કરો અને આનંદમાં રહો - કૃપા ચોકસી | ૩ |
| દરેક પરિસ્થિતિ એ શિખવાની તક હોય છે. - અશ્વિની તેલંગ | ૪ |
| ગુરુ ચરિત્ર ગુજરાતીમાં | ૫ |
| આશ્રમના સમાચાર | ૬ |
| દત્ત જયંતીનો ઉત્સવ | ૭ |
| આશ્રમજ્ઞાન - રેકી સેમિનારનું સમયપત્રક | ૮ |

## ત્રાહિમામ્ (ભગવાન અમને બચાવો) ૨૦૧૩ માં

નવું વર્ષ શરૂ થઇ ગયું છે. આપણે બધા ૨૦૧૨ માં આવવાની આફતોના ભયથી બચી ગયા છીએ ભૌતિક રીતે. હા, ભૌતિક રીતે. કારણ કે કોઇ વિનાશકારી સુનામીઓ કે ધ્રુજાવનારા ભૂકંપો અને કોઇ ભયંકર જ્વાળામુખીઓ નથી ફાટયા. પણ આ બધુ થવાની આપણી ધારણાઓ હતી ભૌતિક કે સ્થૂળ સ્તર પરની. પણ આરામથી બેસીને એવુ કહી ના શકાય કે ખરાબ સમય વિતી ગયો છે. તમે જો જીવનના સુક્ષ્મ પાસાઓ તરફ નજર કરશો (જેનો હંમેશા શારીરિક સ્તર પર પ્રભાવ પડે છે) તો છેલ્લા ૬ મહીનાઓમાં, મહદ્ અંશે ઑક્ટોબર ૨૦૧૨થી લઇને, તો તમને ખબર પડશે કે ખૂબ જ વિકરાળ મોજાઓ મનુષ્યના મનના કિનારે આવી પહોંચ્યા છે. લોકોના હ્દયમાં ઘણા ધરતીકંપો થયા છે અને ચારેય બાજુ મનુષ્યોના વર્તનમાં ઘણા જ્વાળામુખીઓ ફાટી નીકળ્યા છે.

૧૮મી ડિસેમ્બરના ભારતની રાજધાનીમાં ચાલતી બસમાં થયેલા બળાત્કાર જે દિવસના અસભ્ય સમયમાં નહોતો થયો તે આ બધી વાતનો પૂરાવો છે. આને ભારતને હચમચાવી નાખ્યુ છે જે પહેલા કદી નથી થયું. લોકોનો સમુહ જેઓએ રસ્તા પર આવીને કાયદા અને કાનૂનના બગડતા જતાં તંત્ર પ્રત્યે જે વિરોધ નોંધાવેલો છે તે અભૂતપૂર્વ છે. આપણે જોઇએ છીએ કે બળાત્કારીઓની સંખ્યા વધતી જાય છે. ગુનાઓની સંખ્યા નવી ઉંચાઇ પર પહોંચી ગઇ છે. જ્યાં જુઓ ત્યાં અસ્વસ્થતા જોવા મળે છે અને તેના વિશે સાંભળવા મળે છે. કદાચ આપણે એ મુદ્દા પર ધ્યાન ન આપ્યું કે બધી વિનાશની ભવિષ્યવાણીઓ જે મનુષ્ય જાતિના વિનાશ વિશે વાત કરતી હતી તે કદાચ માનવતા અને જીવનના મૂલ્યોના વિનાશની વાત હશે. શુ તમને એવું લાગે છે કે આપણે નૈતિકતા અને મૂલ્યો વિનાના મનુષ્ય કહેવાય ? કદાશ વિનાશનો આરંભ થઇ ચૂક્યો છે અને આપણને ખબર જ નથી. આપણે બહારના વિનાશની રાહ જોઇ રહ્યા છીએ જ્યારે તે આપણા મૂળ સ્વભાવનો થઇ રહ્યો છે. આપણે એ કેવી રીતે સમજી શકીએ કે પિતા પોતાની જ કન્યાઓ પર આટલી મોટી સંખ્યામાં બળાત્કાર ગુજારે અને એ પણ એવી કન્યાઓ જે હજી યૌવનમાં પ્રવેશી નથી કે પછી પાકીસ્તાનના સિપાહીઓ જે ભારતીય સિપાહીઓનાં સરહદ પર માથા કાપી અને તેને મૂલ્યવાન વસ્તુની જેમ સંગ્રહીત કરે કે પછી ન્યુ જર્સીની સેન્ડી સ્કૂલમાં થયેલા ગોળીબારની ઘટના જે થોડા મહીના પહેલા ન્યુ જર્સીના સેન્ડી વાવાઝોડાથી પણ વધારે ભયંકર હતી. શું આપણે નિષ્ઠુર બની રહ્યા છીએ? ખાલી આ પ્રત્યે સજાગતા રાખો અને કઈંક કરો. મારું માનો તો ગુન્હા આદિકાળથી જગતના નિર્માણથી થતા આવ્યા છે. પણ આવા સ્વરૂપમાં કદી નહતા જેમાં પુત્ર પિતાને કાતરના ૧૫ થી ૧૬ ઘા ગળામાં મારીને મૃત્યુ પમાડે છે જેનું કંઇ સ્પષ્ટ કારણ નથી. અને ઈતિહાસમાં આવી વિકૃતિ કઇ જોવા મળી નથી. આનો એક જ જવાબ છે કે મનને સંભાળવું, કાયદાને સંભાળવાથી કંઇ નહીં થાય. થોમસ પેઇને કહ્યું છે કે “જ્યારે કાયદાઓ વધી જાય ત્યારે સમાજ સૌથી ભ્રષ્ટાચારી હોય.” જ્યાં સુધી ભ્રષ્ટાચારી પ્રવૃત્તિથી મુક્ત નહીં થાય ત્યાં સુધી કોઇ કાયદાઓ કોઇને મદદ નહી કરી શકે. કાયદાઓની અસરકારકતા સર્વ પ્રથમ કાયદા ઘડનાર અને કાયદાઓના અમલ કરનારના મન પર હોવી જોઇએ. જ્યારે તેઓ જ ભ્રષ્ટ થઇ જાય ત્યારે કાયદાઓ સામાન્ય લોકોને હેરાન કરવાનું તેમનું શસ્ત્ર બની જાય છે. જેવી રીતે ભારતીય પૌરાણીક કથામાં રાજાઓ તેમની શક્તિઓનો દુરુપયોગ કરતા. હવે ભગવાનને અવતરવું પડશે. શારીરિક રૂપથી નહીં પણ લોકોના મન અને હ્દયમાં

“ખૂબ જ મોટા જ્ઞાની શિક્ષકો પણ તેમના ગુરુનું સાંભળે છે કારણ કે તે જ સફળતાનો રસ્તો છે.”

- શ્રી શ્રી પરમહંસ યોગાનંદ



# નવા વર્ષનો આવકાર

આપણે ૨૦૧૩માં પ્રવેશી ચૂક્યા છીએ. દરેક વખતે જ્યારે કોઇ નવા વર્ષના ક્ષેત્રમાં પ્રવેશીએ ત્યારે આપણે કઇક સંકલ્પ કરીએ છીએ. અહીં સાધકો માટે નવા વર્ષની પ્રભાતમાં શ્રી શ્રી પરમહંસ  યોગનંદ દ્વારા કહેલા ખૂબ રોમાંચક વિચારો પ્રદર્શીત કર્યા છે :

“નવા વર્ષના ખૂલવાથી, મર્યાદાઓના બધા જ દ્વાર ખૂલી જશે અને હું તેમાંથી પસાર થઇને વિશાળ ક્ષેત્રમાં જઇશ જ્યાં મારા જીવનના મહત્ત્વના સપનાઓ સાકાર થશે.”

“નવા વર્ષ માટે મારી તમારા માટે મુખ્ય ઇચ્છા અને પ્રાર્થના એ છે કે તમે તમારી કુટેવોને નવા વર્ષમાં ત્યાગો. તમારે તેઓને તમારી સાથે લઇ જવાની જરૂર નથી. કોઇપણ ક્ષેત્રે તમારે પાર્થિવ ગાંસડી (શરીરને) ત્યાગવું પડશે અને આ બધી ટેવો ગાયબ થઇ જશે. તે હવે તમારી નથી. તેમને અપનાવતા નહી. બધા જ નકામા વિચારો , જુના દુઃખો અને ખરાબ ટેવોને છોડી દો. નવું જીવન ચાલુ કરો.”

“આધ્યાત્મિક શોધની શરૂઆતમાં વિવિધ આધ્યાત્મિક પથ અને ગુરૂઓની સરખામણી કરવી એ વિદ્વતા છે . પણ જ્યારે તમે તમારા સાચા ગુરુ જે તમારા માટે નિર્ધારીત થયા છે જેનું શિક્ષણ તમને તમારા આધ્યાત્મિક ધ્યેય તરફ લઇ જાય છે,પછી તેમના માટેની આતુરતાભરી શોધનો અંત સ્થાપવો જોઇએ. આધ્યાત્મિકતાની તૃષ્ણાવાળા વ્યક્તિએ દરરોજ નવા કુવાની અનંત શોધ ન કરવી જોઇએ. પણ એ સર્વશ્રેષ્ઠ કુવાની શોધ કરીને રોજ તેમના નિર્મળ જળનું સેવન કરવું જોઇએ.”

## ગુરુજીને દેવરૂખના સાધકો દ્વારા ચિંતન કુટિરનું અપર્ણ

દેવરૂખના સાધકોએ એક નવો ઇતિહાસ સર્જ્યો જ્યારે તેમણે માત્ર ૧૫ દિવસમાં પોતાના યોગદાન થકી ચિંતન કુટિરનું નિર્માણ કર્યું અને ગુરુજીને તેમની ષષ્ટી પૂર્તિ (૬૦ વર્ષ) ની વર્ષગાંઠ પર ભેટ સ્વરૂપે અર્પણ કરી. મઠના મુખ્ય દ્વાર પાસે આવેલી આ કુટિરને સાધકોએ ૨૫મી ડિસેમ્બરે ગુરુજીને અર્પિત કરી. ગુરુજીએ તેને ચિંતન કુટિર નામ આપ્યું અને તેને ઇન્ડિયન ઇન્સટીટયુટ ઓફ ટેકનોલોજીને અપર્ણ કરી. જે સંસ્થા તેઓ હિન્દુ ધર્મના પુર્નઉત્થાન માટે બનાવવા ઇચ્છે છે.

## "તમારા અસ્તિત્ત્વનું શુદ્ધિકરણ કરો અને આનંદમાં રહો"

- કૃપા ચોકસી

એક દિવસ હું મારી બહેનપણી સાથે રસ્તા પર ચાલતી હતી. એ ખૂબ જ રળીયામણી સાંજ હતી. અમે ચાલવાનું માણી રહ્યા હતા અને કંઇક ચર્ચા કરી રહ્યા હતા. અચાનક મારો પગ છાણમાં પડયો અને તે ગંદો થઇ ગયો. હું ચર્ચામાં એટલી મશગૂલ થઇ ગઇ હતી કે હું ચાલતી વખતે રસ્તા પર જોવાનું ભૂલી ગઇ. સામાન્ય રીતે આપણે છાણની બાજુમાંથી પસાર થઇ જઇએ. હવે પગ ગંદો થવાથી મારામાં સજાગતા આવી અને તરત જ મને વિચાર આવ્યો કે મારે મારા પગને સાફ કરવો જોઇએ જેટલું જલ્દી બની શકે તેટલું જેથી કરીને હું બીજે ક્યાંય છાણ ન લગાવું અને મને એ પણ ભાન થયું કે જે સૂઝ આપણે છાણ માટે વાપરીએ છીએ તે જીવનમાં નથી વાપરતા.

સર્વપ્રથમ તો આપણે આપણા અસ્તિત્વને ગંદકીથી બચાવી શકતા નથી. આપણે સૌ સામાજીક પ્રાણી છીએ અને એટલે આપણે ઘણા લોકો જેવા કે મિત્રો, સગાવહાલાઓ, સહકાર્યકરતા, વિગેરે સાથે હળતા મળતા હોઇએ. તેમાંથી અમુક લોકો એવા હોય કે સકારાત્મક સ્પંદનો નથી ફેકતા. તેઓને હંમેશા પંચાતમાં અને લોકોની નિંદા કરવામાં આનંદ આવતો હોય છે. જ્યારે આપણે તેમના સહવાસમાં રહીએ ત્યારે મારું માનો તો તેઓ તમારા અસ્તિત્વ પર ગંદકી ફેંકે છે. આપણને અસ્વસ્થતાના સંકેત મળતા હોય પણ આપણે તે સંકેતોની અવગણના કરીએ છીએ અને આ ગંદકીને આપણા અસ્તિત્વમાં સ્થિર થવા દઇએ છીએ.

આપણને એ ખબર નથી પડતી કે આપણું અસ્તિત્વ અસ્વચ્છ થઇ રહ્યું છે અને જ્યારે આપણે ઘરે પાછા ફરીએ ત્યારે અજાણતા, આપણે આ ગંદકીથી બીજાને પણ અસ્વચ્છ કરીએ છીએ. હવે સવાલ એ છે કે કેવી રીતે આ ગંદકી આપણને અસર કરે છે ? તે આપણામાં અસ્વસ્થતા, ચીડચીડીયાપણું , બેચેની, વિગેરે ઉત્પન્ન કરે છે. ઘણી વખત આપણી ભાવનાઓ બદલાઇ જાય છે અને આપણને ખબર પણ ન પડે કે શું થયું. ઘણી વખત કોઇપણ કારણ વગર આપણે દુઃખી થઇ જઇએ અને ભૂતકાળની દુઃખ ભરી પળોને યાદ કરીને નિરાશ થઇ જતા હોય છીએ. આ બધું આ ગંદકીને લીધે હોય છે.

બીજી ગંભીર વાત એ છે કે અસ્વચ્છ થયા બાદ આપણને તેનું ભાન ન રહેવાથી આપણે આ ગંદકી આપણા નજીકના લોકો જેને આપણે ખૂબ જ પ્રેમ કરતા હોય તેને આપીએ છીએ. ઘણી વખત આપણે ગુસ્સો કે ચીડ વ્યક્ત કરીને તેમનો અને આપણો આનંદ ઓછો કરતા હોઇએ છીએ. આપણને આની પાછળ રહેલું મૂળ કારણ સમજાતું નથી. અને આને કેવી રીતે સંભાળવું તે સમજાતું નથી. સાધક તરીકે આપણે આ વાતને જાણવી જોઇએ કે એવું કેમ બને છે. આ નિયમ છે કે જ્યારે આપણે એવા લોકો કે જે હંમેશા ફરિયાદ કરતા હોય, બીજાની નિંદા કરતા હોય કે પછી પારકી પંચાત કરતા હોય તેવા લોકોનો સહવાસ કરીએ ત્યારે તેમની હાજરીમાં આપણી ચેતનાનું સ્તર નીચે જતુ રહે છે. તે સમયે આપણે એક વસ્તુ કરી શકીએ કે જાગરૂક રહીને તેમને આપણા સ્પંદનો દ્વારા સકારાત્મક બનાવી શકીએ. પણ જો આપણે તે ન કરી શકતા હોય , તો આવા લોકોથી દૂર રહેવું જોઇએ. અને જ્યારે આપણને ખબર પડે કે આપણું અસ્તિત્વ અસ્વચ્છ થઇ ગયું છે જે આપણે વિવિધ સંકેતો જેમ કે અસ્વસ્થતા, ગુસ્સા , ચીડચીડીયાપણું, બેચેની વિગેરેથી સમજી શકીએ ત્યારે તરત જ આપણે સાધના દ્વારા આપણા અસ્તિત્વને સાફ કરવું જોઇએ. તે સાધના રેકિ હોય કે બીજી કોઇ.

કદાચ એજ કારણ હશે કે આપણા શાસ્ત્રોમાં "સંત્સંગ"નું ખૂબ જ મહત્ત્વ છે. "સત્ " એટલે કે સારું અને "સંગ" એટલે રહેવું. આપણે એવા લોકોનો સહવાસ કરવો જોઇએ જે સારા હોય અને સાધક હોય. કારણ કે આવા લોકોની સાથે સહવાસ થી આપણી ચેતનાનું સ્તર વધે છે અને આપણે સાધનાના પથ પર આગળ જઇએ છીએ. તેનાથી આપણી આજુબાજુ સારા વાતાવરણનું નિર્માણ થાય છે અને તે આપણને અને આપણી આજુબાજુ રહેલા લોકોને આનંદીત બનાવે છે. એટલા માટે આપણે આપણા અસ્તિત્વને સ્વચ્છ રાખવું જોઇએ જેવી રીતે આપણે આપણા શરીરને રાખીએ છીએ કારણ કે સ્વચ્છ અસ્તિત્વ એ સુખ, સ્વસ્થતા અને સંવાદીતા તરફ લઇ જાય છે.

## "દરેક પરિસ્થિતિ - એક શિખવાની તક હોય છે" - અશ્વિની તેલંગ

એકવાર હું "મહાદેવ" સીરીયલ જોઇ રહી હતી. તેમાંમે અશોક સુંદરી (ભગવાન શિવની પુત્રી) નો તેના પિતા સાથેનો સંવાદ સાંભળ્યો જેમાં તેણે કહ્યું કે તે સાધનામાંથી શું શીખી અને તેનું લક્ષ્ય પ્રાપ્ત કરવા તેણે શું કર્યું. તે સાંભળીને મને બે વસ્તુ સમજાઇ. ૧) દરેક પરિસ્થિતિ આપણને શિખવાની અને પોતાની જાતને જાણવાની તક આપે છે ૨) જે લોકો લગ્ન પહેલા સાધનાના પથ પર વિદ્યમાન થયા છે. તે લોકો વિપરિત પરિસ્થિતિને સારી રીતે સંભાળી શકવાની ક્ષમતા ધરાવે છે જે તેઓને લગ્ન પછી આવશે. આ બંને વસ્તુ સમજાઇ ત્યારે મને અચાનક એક ઘટના યાદ આવી જે મારા પિતા હંમેશા કહે છે.

એકવાર તેઓ આશ્રમમાં હતા અને એક પુસ્તક "ધ અવધૂત" જે કોઇ અમેરિકન લેખકએ લખી છે તે વાંચતા હતા. આ પુસ્તકને ખૂબ જ ધ્યાનથી વાંચવુ પડે જેથી કરીને લેખક શું કહેવા માંગે છે તે સમજાય કારણ કે અમેરિકન લોકો ખૂબ જ અઘરી ભાષામાં લખતા હોય છે. અચાનક, એક બિલાડી આશ્રમમાં આવી ( જે આટલા વર્ષોમાં પહેલા કદી બન્યુ ન હતું) અને જોરથી રડવાનું ચાલુ કર્યું. આપણને બધાને ખબર છે કે જ્યારે બિલાડી રડે ત્યારે તે અવાજ કેટલો વિચિત્ર હોય છે. તેઓ રોજ વાંચવા બેસેને આ બિલાડી રડવાનું શરૂ કરે. આવું રોજ ચાલ્યું અને ત્રણ દિવસ સુધી પિતાજી એકપણ લીટી આગળ વાંચી ન શક્યા. ચોથે દિવસે તેમણે નક્કી કર્યું અને બુક ખોલીને વાંચ્યું તો પહેલી જ લીટીમાં લખ્યું હતું, કે "જો કોઇ ઘુવડ બોલતુ હોય કે પછી બિલાડી આજુબાજુમાં રડતી હોય માનજો કે તે ભગવાનને પ્રાર્થના કરે છે." એવું લાગ્યુ જાણે લેખકને ખબર હતી કે આવી પરિસ્થિતિ સર્જાશે. સૌથી મજાની વાત એ છે કે આ જ્યારે જ્ઞાન થયું , ત્યારે તે બિલાડી ગાયબ થઇ ગઇ અને ફરી કદી આવી નથી. એ જાણે કે, આ શીખવવા જ આવી હતી.

દરેક પરિસ્થિતિમાં આવું જ થતું હોય છે. જ્યારે આપણે પરિસ્થિતિથી શીખીએ ત્યારે તે બદલાય છે. પણ જ્યાંસુધી આપણે તેમાં ગૂંચવાઇ તેને સમજ્યા વગર શીખીએ નહીં , ત્યાં સુધી તે આપણી સમક્ષ આવ્યા જ કરે. દા.ત. એક વ્યક્તિ કોઇ એક પરિક્ષામાં વારંવાર નાપાસ થતો રહે, તેનો મતલબ શું થાય? તેનો મતલબ એ જ થાય કે તે વ્યક્તિ બરાબર શીખતી નથી તેથી તેને તે વિષય વારંવાર શીખવો પડે છે. જ્યાં સુધી તે પાસ નહીં કરે ત્યાં સુધી તે આગળ વધી શકશે નહીં.

જ્યારે આપણને એ સમજાય કે દરેક પરિસ્થિતિ કઇ શીખવવા આવે છે ત્યારે આપણે કેવી રીતે વર્તવું , કેવી રીતે પ્રતિક્રિયાઓ આપવી અને તેનો મતલબ શું થાય તે શીખવું જોઇએ. ટૂંકમાં કહુ તો પોતાની જાતને ચકાસવું કે આપણે પરિસ્થિતિ ને જેવી છે તેવી જોઇએ છીએ કે તેને આપણે આપણા દ્રષ્ટિકોણ મુજબ જોઇએ છીએ તે આપણા અસ્તિત્વમાં રહેલી અસ્વચ્છતા (સંસ્કારો) ને આપણે આપણી જિન્દીગીમાં એકત્ર કર્યા છે તેના ઉપર નિર્ભર રહેશે. સાધક તરીકે આપણને ખબર છે કે અસ્તિત્વને સ્વચ્છ રાખવું જરૂરી છે. કારણ કે સંસ્કાર રૂપી કચરો જ આપણા મનને શીખવા માટે રોકે છે.

સાધરણ રીતે જોવામાં આવે છે કે લોકો આધ્યાત્મિક પથ પર ત્યારે આવે જ્યારે તેમને કંઇ કરવાનું હોતું નથી. પણ જ્યારે વ્યક્તિ આ યાત્રા પોતાના જીવનમાં જલ્દી શરૂ કરે ત્યારે તે જીવનની પરિસ્થિતિઓને સંભાળવા માટે વધારે સક્ષમ બને છે. બીજા શબ્દોમાં કહું તો તેને ખબર હોય છે કે કેવી રીતે અસ્તિત્વમાં ખરાબી આવે છે. તેને કેવી રીતે સાફ કરવું જેથી તે ખૂબ જ ઊંડા મૂળ ન બની જાય અને હંમેશા ખૂલા મનથી વિચારવું અને શીખવું કે શું થઇ રહ્યું છે આજુબાજુમાં અને તે શું કામ થાય છે. આપણે ઉપર દર્શાવેલ બિલાડીનો દાખલો જોઇએ તો તે ત્યારે જ રડતી હતી જ્યારે મારા પિતાજી પુસ્તક વાંચવા બેસતા હતા. જો એમણે પહેલે જ દિવસે પુસ્તક વાંચ્યું હોત તો ત્યારે જ બિલાડી ગાયબ થઇ ગઇ હોત પણ પિતાજી આ પરિસ્થિતિથી શીખતા ન હતા એટલે બિચારી બિલાડીને જ્યાં સુધી તે શીખ્યા નહીં ત્યાં સુધી આવવું પડયું. અને આ શિખવાનું શક્ય બન્યું કારણ કે વ્યક્તિ શીખવા મટે તૈયાર હતી.

દરેક પરિસ્થિતિમાં આપણા પ્રતિભાવો જ મહત્ત્વના છે. આ પ્રતિભાવ બદલાઇ જાય છે ત્યારે આપણે પરિસ્થિતિને સમજી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જ્યારે એક વખત હું મારા કાર્યક્ષેત્ર જે જે હોસ્પીટલમાં જતી હતી. ત્યારે એક વ્યક્તિ બારીની બહાર ડોકું કાઢીને મને અનુલક્ષીને ગાળો આપવા લાગ્યો. મને તે ખૂબ જ વિચિત્ર લાગ્યું, કારણ કે જ્યારે હું તે બિલ્ડીંગ પાસેથી પસાર થતી તે ગાળો આપતો. એક દિવસ મે તપાસ કરી કે આ વ્યક્તિ કોણ છે અને તે મને ગાળો આપીને ઠપકો કેમ આપે છે. ત્યાંના ચોકીદારએ મને જણાવ્યું કે તે સિઝોફ્રેન્યાથી પીડાય છે. આ જાણીને મારા તેના પ્રત્યેના પ્રતિભાવો બદલાઇ ગયા. ત્યાર પછી જ્યારે પણ કોઇ આ રીતનું વર્તન મારી સાથે કે મારા મિત્રો સાથે કરતા તો અમે હસતા નહી અને આ અમારી ઉપર ગુસ્સો નથી કરતા પણ તેમની ભાવનાઓ વ્યક્ત કરવાની પધ્ધતિ છે. આ તે દર્શાવે છે , કે પરિસ્થિતિને સમજવા માટે આપણે તેમાંથી શિખવું જોઇએ. દરેક પરિસ્થિતિમાંથી શીખવું એ મુખ્ય શબ્દ છે. જેનાથી જીવનના મોટા ભાગની સમસ્યાને સંભાળી શકાય.

**રેકિ વિદ્યા નિકેતન**

## ગુરૂચરિત્ર ગુજરાતીમાં હવે પ્રકાશન માટે તૈયાર



૨૭મી ડીસેમ્બરની દત્ત જયંતીના દિવસે દત્ત સંપ્રદાયના ઈતિહાસમાં એક યાદગાર ઘટના બની. બધા જાણે છે કે ભગવાન દત્તાત્રયના ભકત ગુજરાતમાં ખૂબ છે. ગુરૂચરિત્ર, પવિત્ર ગ્રંથ જે કેટલાક સો વર્ષો પહેલા જે ભગવાન દત્તાત્રય અને તેમના અવતારોનું વર્ણન કરે છે તે નરસિંહ સરસ્વતી (ભગવાન દત્તાત્રયનો ત્રીજો અવતાર)ના શિષ્ય સાયંદેવ દ્વારા મરાઠીમાં લખવામાં આવ્યો હતો. આ ગ્રંથનું મહત્વ એટલું જ છે જે ગીતા, બાઈબલ અને કુરાનનું વિવિધ ધર્મો માટે છે. પણ યુગોથી ભકતો માટે ગુરૂચરિત્ર એ માર્ગદશનનો સ્ત્રોત છે જે લોકો મરાઠીના નિષ્ણાંત નથી તે લોકો હંમેશા આ ગ્રંથનું મહત્વ સમજવામાં નિષ્ફળ જતા હતા. તેઓ ગ્રંથને ઘણી વખત પૂરી શ્રધ્ધાથી વાંચ્યો હોવા છતાં શ્રીમદ્ વાસુદેવાનંદ સરસ્વતી અને બાપા રંગઅવધૂત મહારાજના સમયથી આ ગ્રંથનો અનુવાદ તેના તત્વોને જાળવી રાખીને બીજી ભાષાઓ જેવી કે ગુજરાતીમાં કરવાનો પ્રયત્નો ચાલી રહયા હતા. દત્ત ભકતોની આ જરૂરિયાત હવે રાજકોટના જયેષ્ઠ સાધક શ્રીમતી પ્રતિભાબેન ચોકસીના દિવ્ય પ્રયત્નોથી પૂર્ણ થશે. આ ગ્રંથ હવે પ્રકાશીત થવાની તૈયારીમાં છે. આ ગ્રંથને ગુજરાતીમાં વાંચવા માટે ઈચ્છુક સાધકો માટે ૧૬મી માર્ચ ૨૦૧૩ (મઠનો વાર્ષિક ઉત્સવ) ના આપણા ટ્રસ્ટ દ્વારા આ ગ્રંથ પ્રકાશીત થશે. આ બુકની કિંમત આશરે રૂ.૨૬૦/- છે. (એક કોપીના) અને તેનું બુકીંગ શ્રીમતી દક્ષાબેન પટેલ, જે સ્વામી સમર્થ સેવક પ્રતિષ્ઠાનના ટ્રસ્ટી છે તેઓને પાસે કરાવી શકાય છે. ચેક ટ્રસ્ટના નામ પર લખવા વિનંતી. પહેલું પ્રકાશન ૫૦૦ પ્રતિકૃતિનું થશે.



## મઠમાં ગુરૂચરિત્ર વાંચનની સુવિધામાં વધારો

જેમ તમારમાંથી ઘણા લોકો જાણે છે કે છેલ્લા ૬ વર્ષો થી શ્રી ગુરૂ ચરિત્ર ગ્રંથનું આપણા મઠમાં અવિરત વાંચન ચાલી રહયું છે. સાધકો વર્ષની શરૂઆતમાં પોતાનું નામ નોંધાવી અને ૬ દિવસનું પારાયણ ગુરૂચરિત્રમાં વર્ણાવેલ નિયમો અનુસાર કરે છે. તેઓ ૬ દિવસ મૌનમાં રહે છે, ફકત એક વાર આહાર લે છે અને ઘાસની ચટ્ટાઈ પર સુવે છે જેનો મતલબ કે તેઓ જીવન જરૂરિયાતની નિંન્યતમ સુવિધા લઈને પારાયણ કરે છે. એક વિશિષ્ટ કુટિર જેનું નામ સમાધિ રાખવામાં આવ્યું છે તે આના માટે જ બનાવી છે. આ સાધના સાધકોને એટલી ગમે છે કે તેના માટે નામ નોંધાવું એ ખૂબ જ અઘરૂ બની ગયું છે. ગુરૂજીને હંમેશા મઠની પાછળના ભાગમાં આવેલા ઔદુંબર વૃક્ષની નીચે ભગવાન દત્તાત્રયની ઉપસ્થિતિ જણાય છે. તેમને એવી ઈચ્છા હતી કે ઔદુંબર વૃક્ષ નીચે એક નાની એવી કુટિર જેવું બાંધકામ કરવું જોઈએ જેથી કરીને સાધકો ત્યાં આખા વર્ષ દરમ્યાન શ્રી ગુરૂ ચરિત્ર વાંચી શકે. શ્રી પ્રશાંત પારકર અને શ્રી સંતોષ કેદારી જેવા સાધકોએ આ જગન્ય કાર્ય હાથ ધર્યુ અને આ દિવ્ય વૃક્ષ નીચે એક દિવ્ય બેઠક તૈયાર કરી જેનું આધ્યાત્મિક પથ પર એક અલગ જ મહત્વ છે. આ સાધનાનું સ્થળ હવે કાર્યરત છે અને ઘણા સાધકોએ અહીં દત્ત સાધના શરૂ કરી દીધી છે.

# આશ્રમ સમાચાર

## આપણા સાધક જીતેન્દ્ર મિસ્ત્રીની જીત દ્વારા મેળવેલી

આપણા એક સાધક અને સ્વામીના પરમભક્ત જીતેન્દ્ર મિસ્ત્રી જે ખૂબ જ મોટા ગાયક અને તબલા વાદક છે. તેમણે મુંબઈમાં સ્પર્ધા જીતીને નામના મેળવી છે. જીતેન્દ્રએ ૨૩માં પાર્લે મહોત્સવમાં ભાગ લીધો હતો જે વિલેપાર્લે કલ્ચરલ સેન્ટર, મુંબઈએ આયોજીત કર્યો હતો. આ મહોત્સવ જે ખૂબ પ્રતિષ્ઠિત અને સંગીતના ક્ષેત્રમાં મહત્વની ઘટના ગણાય છે. તે ૨૩ થી ૩૦ ડીસેમ્બર ૨૦૧૨ વચ્ચે યોજાય હતી. તેમને પ્રથમ ઈનામ મરાઠી સુંગમ સંગીતની સ્પર્ધા જે ૪૦-૫૦ વર્ષના લોકો માટે યોજાઈ હતી તેમાં મળ્યું હતું.

જીતેન્દ્ર મિસ્ત્રી અને તેમની ટીમ "ઝાલી સ્વામીકૃપા ઝાલી" ના બેનર હેઠળ પોતાની ભજનમંડળી ચલાવે છે તેને પણ "સ્વામી સમર્થના ભજનની સ્પર્ધામાં" પ્રથમ ઈનામ મળયું હતું અને તેને શ્રેષ્ઠ ભજન મંડળીની નામના મળી હતી. આ ભજન સ્પર્ધા ૧૦ થી ૨૬મી ડીસેમ્બર ૨૦૧૨ વચ્ચે મુંબઈ અને થાના પનવેલ ક્ષેત્રના વચ્ચે યોજાયી હતી.



## સાધકો માટે કળા શીખવાની તક

દેવરૂખ ક્રીએટીવ કોમ્યુનીટી એ સંસ્થા દેવરૂખ અને તેની આજુબાજુના વિસ્તારોમાં રહેલાં કલાકારોને કળામાં અભિવૃધ્ધિ કરવા માટે અને કળા દ્વારા આયોજન કરવા માટે બનાવેલી છે. આ પ્રથમ આરંભ છે જેમાં દેવરૂખ ગામને નાણાકીય દ્રષ્ટિએ સ્વત્રંત બનાવવાનો પ્રયાસ છે જેથી કરીને કલાકારોને ગામની બહાર જઈને અર્થાજનની તક શોધવી ન પડે.

ક્રીએટીવ કમ્યુનીટી ટૂંક સમયમાં જ સામાન્ય લોકો માટે શિક્ષણ કાર્યક્રમો ચાલુ કરશે જેમાં બાળકોનો પણ સમાવેશ થશે જેથી કરીને ગ્રામીણ લોકોમાં છુપાયેલી કળા બહાર આવે. આ શિક્ષણ વર્ગો ટૂંકા ગાળાના હશે અને તે સામાન્ય લોકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. આ વર્ગોમાં રંગોળી, કેલીગ્રાફી, પેપર ક્રાફ્ટ ગ્રીટીંગ્સ, કંદીલ, ફલાવર મેકીગ વિગેરે અને શિલ્પકારીમાં કલે મોડલીંગ, પેપર મેશ, ગ્લાસ પેઈન્ટીંગ, સ્ટોન પેઈન્ટીંગ વિગેરે. આશ્રમમાં આવતા સેવેકરીઓને પણ તેમના સેવાના સમય દરમ્યાન આ કળાઓ શીખવાની તક મળશે.

## નવી યોજનઓનું નિર્માણ થઈ રહ્યું છે.....

ગુરૂજીએ ગઈ દત્ત જંયતી પર અમુક સંકલ્પો કર્યા હતા કે તેઓ સાધકોના લાભ માટે અમુક યોજનાઓ ચાલુ કરશે. મોટા ભાગની આ યોજનાઓનો આરંભ થઈ ચૂકયો છે. ગૌશાળાનો જીર્ણોધાર આરંભ થઈ ચૂકયો છે જેમાં હાલમાં રહેતી ૧૩ ગાયો કરતા વધારે ગાયોનો સમાવેશ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. વિસ્તૃત બાંધકામ માટે ૨૭મી ડીસેમ્બરના રોજ ભૂમી પૂજન કરવામાં આવ્યું હતું. જેનું બાંધકામ શરૂ થઈ ગયું છે ૨ મહીનાના સમય ગાળામાં ૨૨ ગાયોને રાખી શકાય તેવી આધુનીક અને આરોગ્યલક્ષી ગૌશાળા તૈયાર થઈ જશે. નૈસર્ગીક ઉર્જાના પુરવઠા જેવા કે સૂર્ય ઉર્જા, બાયોમાસ ઉર્જા અને ફોસીલ ફયુલ મઠમાં મોટા ભાગે વાપરવામાં આવે છે જે મઠના સંકલનને આપણા વિજળીથી મુકત આશ્રમના ધ્યેયની ઘણી નજીક લઈ ગયા છે અને આવતા કેટલાક મહિનાઓમાં આ મહદ્ અંશે થઈ જશે.



# દત્ત જયંતી ઉત્સવ



મઠમાં દૈવિ શક્તિ

આ વર્ષે ૧૩મી દત્ત જયંતીનો ઉત્સવ હતો. દત્તયાગ એ દઝ જયંતીનો હાર્ટ હતો પણ ગુરૂજીએ આ ઉત્સવને વધારે અર્થપૂર્ણ  અને રોમાંચક બનાવવા માટે અનેક કાર્યક્રમો નિધારીત કર્યા હતા. દત્તયાગ જે સતત ૬૦ કલાક સુધી કરવામાં આવતો હતો તેને સૂર્યોદય અને સુર્યાસ્ત વચ્ચે વિરામ આપવામાં આવતો હતો જે ૨૫મી, ૨૬મી અને ૨૭મી ડિસેમ્બરના રોજ કર્યો હતો. આવું કરવાથી સાધકોને બીજી આધ્યામ્તિક પ્રવૃતિઓ કરવાનો વધારે સમય મળ્યો જેના થકી સાધકોએ ઘણુ શીખ્યું અને માણ્યું. આ વખતે મઠમાં ઘણી સંખ્યામાં (અત્યાર સુધી માં સૌથી વધારે) સાધકો દેવરૂખની બહારથી આવ્યા હતા અને તેમની રહેવાની વ્યવસ્થાથી સાધકો ખૂબ જ સંતોષ પામ્યા હતા. આ મઠના વ્યવસ્થાપકોની મોટા ઉત્સવોનો કાર્યભાર સંભાળવાની કાર્યક્ષમતા વધી ગઈ છે તે દર્શાવે છે.



મંદિરની ભવ્યતા / સુંદરતા

આ વખતે દરેક કાર્યક્રમમાં ૧૨નો આંકડો લેવામાં આવતો હતો. દત્તયાગમાં બાર સાધકોએ એક સાથે આહુતિ આપી, ૧૨ સાધકોએ દરેક દિવસે પૂજા કરી અને સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે ૧૨ અગ્નિહોત્ર દત્તયાગની અગ્નિ સમક્ષ કરવામાં આવ્યા હતા. જેનાથી ખૂબ જ સંવાદીતા સર્જાઈ હતી.



મઠનું દૈદિપ્યમાન

૧૨ સાધકોએ રૂદ્ર વરદ પૂજા ૨૫મી ડીસેમ્બરના કરી હતી જે દિવસે ઉત્સવનો આરંભ થયો હતો. આ પૂજા મંડપ જે ગૌશાળાની પાછળના ભાગમાં આ ઉત્સવ માટે બનાવવામાં આવ્યો હતો તેમાં કરવામાં આવી હતી. તે જ મંડપમાં ૨૬મી ડિસેમ્બરે ૧૨ સાધકોએ અનઘા પૂજા કરી હતી અને દત્ત જયંતી ના દિવસે એટલે કે ૨૭મી ડિસેમ્બરના રોજ ત્રીજી પૂજા સત્ય દત્ત ની કરવામાં આવી હતી. જયારે આ બધી પૂજાઓ ચાલતી હતી ત્યારે સ્વામીના મંદિર સામેનો મુખ્ય મંડપ હરિ ઓમ તત સત જય ગુરૂદત્ત ના નાદથી ગૂંજતો હતો. આ સૂત્રોચ્ચાર સાથે દત્તયાગ જે દિવ્ય અગ્નિ મઠમાં દર દત્ત જયંતી ના દિવસે કરવામાં આવે છે તે કર્યો હતો.



દત્ત યાગ

રાકેશ કુમારની ૧૨ સાધકોની ટીમએ સમુહમાં દત્તયાગના સ્થળની આજુબાજુ પ્રત્યેક દિવસે સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે ૩ દિવસ સુધી અગ્નિહોત્ર કર્યુ હતું. આ શકિતશાળી યજ્ઞમાં આનાથી એક અલગ રંગ ઉમેરાયો હતો. જયારે એક બાજુ દત્તયાગ ચાલુ હતો ત્યારે બીજી બાજુ રીસર્ચ ટીમ જે ચેતનાને ઓર્ગોનીક લાઈફ એનર્જી મીટર દ્વારા આપી રહયા હતા તેઓને ખૂબ જ પ્રભાવશાળી પૂરાવા મળ્યા હતા જે યજ્ઞ વાતાવરણને અને માનવના મન પર કેટલી અસર પાડી શકે છે. દર રાત્રીના સાધક કલાકારો જેવા કે શ્રી અજયભાઈ ત્રિવેદી (મોહમદ રફીનો બીજો અવતાર) અને જયરામ આકલેકરએ પ્રેક્ષકોને તેમની ગાયકીની અદાથી મંત્રમુગ્ધ કરી દીધા હતા.

> “ તે સૌથી વધારે ધનિક છે જે બહુ થોડામાં સંતોષ પામે છે કારણ કે સંતોષ જ પ્રકૃતિની સંપત્તિ છે.”
>
> - સોક્રેટીસ્

## આશ્રમ જ્ઞાન

જો તમે શિવને પ્રાપ્ત કર્યા હોય અને છતાંય તમને તેમને ખોવાનો ડર હોય, તો તમે કદાચ શિવને પામ્યા જ નથી....

ઘણા બધા લોકો ભારતની ટીવી ચેનલમાં આવતી “મહાદેવ” નામની સીરીયલ, જે ખૂબ જ પ્રખ્યાત છે, તે જુએ છે. આશ્રમમાં આવતા ઘણા સાધકો આ સીરીયલના એપીસોડ જોતા હોય છે અને તેમાંથી અદ્ભવા પ્રશ્નો લઈને આવે છે. ગુરૂજી બધી કથાઓ અને સંવાદો પાછળ રહેલા આધ્યાત્મિક જ્ઞાનને સમજાવે છે. આશ્રમમાં આ પ્રકારની શીખવાની પધ્ધતિ લોકો ખૂબ માણી રહયા છે. એક વખત આ વિશે વાત કરતા કરતા ગુરૂજીએ ભગવાન શિવ દ્વારા કહેલા એક અદ્ભુત અને શકિતશાળી વાકયને ઉચ્ચાર્યુ કે “જો તમે શિવને પ્રાપ્ત કરીને પણ તમને તેઓને ખોવાનો ભય હોય તો ખરેખર તમે શિવને પ્રાપ્ત કર્યા જ નથી. આ જ શિવ પુરાણનું તત્વ છે જેના પર આ સીરીયલ આધારીત છે. ગુરૂજી સ્વામીના સંદર્ભમાં આ હમેંશા કહેતાં હોય છે. એકવાર અને હંમેશ માટે નકકી કરો કે સ્વામી તમારી સાથે છે કે નહીં. જો તેનો જવાબ “હા” હોય તો, તમારે કોઈ પણ જાતનો ભય રાખવાની જરૂર નથી, ચિંતા કરવાની જરૂર નથી. અને જો તમને એમ લાગતું હોય કે સ્વામી તમારી સાથે નથી તો તમને શુભેચ્છા. તમારા સમગ્ર અસ્તિત્વની સાથે જીવનની રમત તમારી રીતે રમો. જે લોકો પરમાત્મા ની સાથે જોડાયેલા નથી તેઓને ડર, ચિંતા, નિરાશા કે કાળજી વિગરે હોય શકે. એમનો તે અધિકાર છે. ગુરૂજી કહે છે કે તેમને આવા લોકો પર દયા આવે અને તેઓ તેમના માટે પ્રાર્થના કરશે કારણ કે તેમને પ્રાર્થનાની જરૂર છે અને તેમને તેની ખબર નથી. પણ જે લોકો પર સ્વામીની કૃપા છે તેઓએ કદી ભૂલી ને રડવું ન જોઈએ. તે ખરેખર સારૂ નથી. આ વિશ્વની સમસ્યા એ નથી કે તેમાં ઘણા લોકો એવા છે જે ભગવાનને માનતા નથી. પણ આ વિશ્વની સમસ્યા એ છે કે એવા ઘણા લોકો છે જેમણે ભગવાનની અનુભુતિ કરી છે અને છતાંયે તેઓ સતત ભગવાનની સાથે જોડાયેલા રહેતા નથી. આ એના જેવું છે કે જેની પાસે પૈસા ન હોય તે ભીખ માંગી શકે પણ જેના લોકરો અને કબાટો પૈસાથી છલોછલ ભરેલા હોય તે ભીખ ન માગી શકે.

## રેકી સેમિનારનું સમયપત્રક

| ક્રમ | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૫,૬ જાન્યુઆરી | પુના | અજીત સર / વિશાલ | દ્વિતિય |
| ૨ | ૧૨,૧૩ જાન્યુઆરી | મુંબઈ | વિશાલ | પ્રથમ |
| ૩ | ૧૨, ૧૪ જાન્યુઆરી | નાશીક | સીમાબેન | પ્રથમ |
| ૪ | ૧૨,૧૪ જાન્યુઆરી | અમદાવાદ | ભારતીબેન | પ્રથમ |
| ૫ | ૧૯, ૨૦ જાન્યુઆરી | મડગાઓ ગોઆ | અજીત સર / વિશાલ | દ્વિતિય |
| ૬ | ૧૯, ૨૦ જાન્યુઆરી | મડગાઓ ગોઆ | સીમાબેન / રાકેશ | પ્રથમ |
| ૭ | ૧૯, ૨૦ જાન્યુઆરી | તેલેગોન | કલ્પિતા | પ્રથમ |
| ૮ | ૧૯, ૨૦ જાન્યુઆરી | વડોદરા | સંગીતા | પ્રથમ |
| ૯ | ૨૫,૨૬ જાન્યુઆરી | દેવરૂખ | અજીત સર / મિલિન્દ | પ્રથમ |
| ૧૦ | ૨૬,૨૭ જાન્યુઆરી | થાને | રાકેશ કુમાર | પ્રથમ |
| ૧૧ | ૨૬,૨૭ જાન્યુઆરી | પુના | કલ્પિતા / વિશાલ | પ્રથમ |